Extra No. 267

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, AUGUST 1, 2025 / SRAVANA 10, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો

File No : KAD/MAG/e-File/450/2025/2143/MAGBRANCH હાડેવા-ઈન્દ્રવર્ણા સીમ વિસ્તાર પર હાડેવા ગામ પાસે લીંબાસ બ્રાન્ચ કેનાલની સાં.૯૧૧૦૦ ફૂટ પર આવેલ વી.આર.બી. બ્રીજના નવિનીકરણ કામગીરી મંજૂરી મળ્યેથી આગામી સમયમાં શરૂ કરવામાં આવનાર છે. હાલમાં સદર બ્રીજ જર્જરીત હોય, જેથી જાહેર સલામતીના હેતુથી સદર બ્રિજ તમામ પ્રકારના વાહન (ટુ-વ્હીલ્સ તથા પગપાળા માટે અવર-જવર સિવાય) માટે બંધ કરી સદર બ્રીજ પરના ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, નડીઆદ સિંચાઈ વિભાગ, નડીઆદનાઓએ તા.૧૭/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં. પીબી / જાહેરનામું/૨૫૧૫/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું /૯૫૬/૨૦૨૫, તા.૨૧/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે. સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, નડીઆદ સિંચાઈ વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૨/૦૭/૨૦૨૫ થી તા.૧૫/૦૬/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર તમામ પ્રકારના વાહનોની (ટુ-વ્હીલર, પગપાળા સિવાયના) અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) હાડેવા-ઈન્દ્રવર્ણા સીમ વિસ્તાર, વાલોત્રી થી લીંબાસી બ્રાન્ચ, કેનાલ સર્વિસ રોડ સાં.૯૧૧૦૦ ફૂટ વી.આર.બી. બ્રિજ થઈ વિરોજા સીમ વિસ્તાર તરફ જતો વાહન વ્યવહાર. (ટુ-વ્હીલર, પગપાળા સિવાયના)

2) વિરોજા સીમ વિસ્તારથી લીંબાસી બ્રાન્ચ કેનાલ સર્વિસ રોડ સા.૯૧૧૦૦ ફૂટ વી.આર.બી. બ્રીજ થઈ વાલોત્રી, હાડેવા-ઈન્દ્રવર્ણા સીમ વિસ્તાર તરફ જતો વાહન વ્યવહાર. (ટુ-વ્હીલર, પગપાળા સિવાયના)

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) હાડેવા-ઈન્દ્રવર્ણા સીમ વિસ્તાર, વાલોત્રી થી લીંબાસી બ્રાન્ચ કેનાલ સર્વિસ રોડ સાં.૯૧૧૦૦ ફૂટ વી.આર.બી. બ્રિજ થઈ વિરોજા સીમ વિસ્તાર તરફ જતો વાહન વ્યવહાર. (ટુ-વ્હીલર, પગપાળા સિવાયના)

- હાડેવા-ઈન્દ્રવર્ણા સીમ વિસ્તાર, વાલોત્રી થી લીંબાસી બ્રાન્ચ કેનાલ સર્વિસ રોડ વી.આર. બી. સાં.૮૬૪૦૦ ફૂટ બ્રિજ થઈ વિરોજા સીમ વિસ્તાર તથા ગામ તરફ જઈ શકાશે.

2) વિરોજા સીમ વિસ્તારથી લીંબાસી બ્રાન્ચ કેનાલ સર્વિસ રોડ સા.૯૧૧૦૦ ફૂટ વી.આર.બી. બ્રીજ થઈ વાલોત્રી, હાડેવા-ઈન્દ્રવર્ણા સીમ વિસ્તાર તરફ જતો વાહન વ્યવહાર, (ટુ વ્હીલર, પગપાળા સિવાયના)

- વિરોજા સીમ વિસ્તાર, ગામ તરફથી લીંબાસી બ્રાન્ચ કેનાલ સર્વિસ રોડ સો.૮૬૪૦૦ ફૂટ બ્રિજ થી લીંબાસી બ્રાન્ચ કેનાલ સર્વિસ રોડ થઈ વાલોત્રી-હાડેવા ગામ તરફ જઈ શકાશે તેમજ ઈન્દ્રવર્ણા થઈ હાડેવા-વાલોત્રી ગામ તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઇજનેરશ્રી, નડીઆદ સિંચાઈ વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

આજ તારીખ ૨૨મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો ::

File No : KAD/MAG/e-File/450/2025/2144/MAGBRANCH સલુણ તળપદ અને ચકલાસી સીમ વિસ્તારને જોડતા ગ્રામ્ય માર્ગ ઉપર નડિયાદ શાખા નહેરની સાં.૯૨૬૬૧ ફુટ પાસે આવેલ વી.આર.બી. બ્રીજના નવિનીકરણ કામગીરી મંજૂરી મળ્યેથી આગામી સમયમાં શરૂ કરવામાં આવનાર છે. હાલમાં સદર બ્રીજ જર્જરીત હોય, જેથી જાહેર સલામતીના હેતુથી સદર બ્રિજ તમામ પ્રકારના વાહનો માટે બંધ કરી સદર બ્રીજ પરના ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, નડીઆદ સિંચાઈ વિભાગ, નડીઆદનાઓએ તા.૧૭/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.પીબી/જાહેરનામું/૨૫૨૬/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/૯૫૭/૨૦૨૫, તા. ૨૧/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, નડીઆદ સિંચાઈ વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૫/૦૭/૨૦૨૫ થી તા.૧૫/૦૬/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) સલુણ તળપદ થી નડીયાદ શાખા નહેર બ્રિજ થઈ ચકલાસી સીમ તરફ જતો વાહન વ્યવહાર.

2) ચકલાસી સીમ તરફ થી નડીયાદ શાખા નહેર બ્રિજ થઈ સલુણ તળપદ તરફ આવતો વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) સલુણ તળપદ થી નડીયાદ શાખા નહેર બ્રિજ થઈ ચકલાસી સીમ તરફ જતો વાહન વ્યવહાર

- સલુણ તળપદ થી નડીયાદ શાખા નહેરના સર્વિસ રોડ થી કંજોડા થઈ નડીયાદ શાખા નહેરની સાં.૮૯૭૬૦ ફૂટ પાસેના બ્રીજ થઈ ઉત્તરસંડા નહેર સાં. ૧૨૦૦૦ ફૂટ થી નહેર સાં. ૧૪૦૦૦ ફૂટ થઈ ચકલાસી તરફ જઈ શકાશે.

2) ચકલાસી સીમ તરફ થી નડીયાદ શાખા નહેર બ્રિજ થઈ સલુણ તળપદ તરફ આવતો વાહન વ્યવહાર

- ચકલાસી થી ઉત્તરસંડા નહેર સાં. ૪૨૦૦૦ ફૂટ થી નહેર સાં. ૧૪૦૦૦ ફૂટ થઈ નડીયાદ શાખા નહેરની સાં.૮૯૭૬૦ ફૂટ પાસેના બ્રિજ થી કંજોડા થઈ નડીયાદ શાખા નહેર સર્વિસ રોડ ઉપર થઈ સલુણ તળપદ તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, નડીઆદ સિંચાઈ વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

આજ તારીખ ૨૫મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો ::

File No: KHD/MAG/e-file/450/2025/2173/MAG BRANCH.-મહેમદાવાદ તાલુકાના દાજીપુરા ઝાલમપુરા માર્ગ વચ્ચે એકસપ્રેસ કે ઉપર આવેલ બ્રીજ (ROB-3) ની સંયુકત તપાસણી ટીમ દ્વારા નિરિક્ષણ કરતા જણાઈ આવેલ કે, સદર બ્રીજ પર ભારે વાહનોની અવર-જવર થતા બ્રીજ પર જરૂરી માત્રા કરતા વધુ પ્રમાણમાં કંપન થાય છે. જેથી જાહેર સલામતીને ધ્યાને લઈ સદર બ્રીજ ઉપર ભારે વાહનોની અવર-જવર બંધ કરી ભારે ટ્રાફિકને વૈકલ્પિક માર્ગે ઉપર ડાઈવર્ટ કરવું હિતાવહ હોય, જેથી તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા General Manager (Tech.) & Project Director, NHAI, PIU-Ahmedabad નાઓ દ્વારા તા.૧૮/૦૭/૨૦૨૫ના પત્ર નં. NHAI/PIU-AHD/NE-1/2025/AVBOT/VOP/2025-26 થી નાયબ કલેકટરશ્રી, ખેડાનાઓને કરેલ દરખાસ્ત અત્રે મળેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક: એલઆઈબી/જાહેરનામું/દાજીપુરા-ઝાલમપુરા/૯૮૭/૨૦૨૫, તા.૨૪/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. જનરલ મેનજર (ટેક) અને પ્રોજેકટ ડાયરેકટરશ્રી, NHAI, PIU-Ahmedabad નાઓની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૫/૦૭/૨૦૨૫ થી તા.૨૫/૦૧/૨૦૨૬ સદરહું માર્ગ ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

A. ભારે વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) દાજીપુરા થી અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે ઉપર આવેલ રોડ બ્રિજ થઈ ઝાલપુરા તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર.

2) ઝાલપુરા થી અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે ઉપર આવેલ રોડ બ્રિજ થઈ દાજીપુરા તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર.

B. ઉપરોકત ભારે વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) દાજીપુરા થી અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે ઉપર આવેલ રોડ બ્રિજ થઈ ઝામલપુરા તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર.

- દાજીપુરા પાટીયા (નૈનપુર-હલદરવાસ રોડ) થી ઘોડાસર, હલદરવાસ ગામ થઈ હલદરવાસ ચોકડી (અમદાવાદ-ઈન્દોર રોડ), આંબા હોટલ ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

2) ઝામલપુરા થી અમદાવાદ-વડોદરા એકસપ્રેસ-વે ઉપર આવેલ રોડ બ્રિજ થઈ દાજીપુરા તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર.

- ઝામલપુરા થી આંબા હોટલ ચોકડી(અમદાવાદ-ઈન્દોર રોડ) હલદરવાસ ચોકડી, હલદરવાસ ગામ, ઘોડાસર થઈ દાજીપુરા પાટીયા તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ તથા NHAI સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

આજ તારીખ ૨૫મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો

File No: KHD/MAG/e-file/450/2025/2174/MAG BRANCH.-અંબાવ ગળતેશ્વર રોડ કિ.મી ૦/૦ થી ૪/૬ પર આવેલ લો-લેવલ મહીસાગર બ્રીજની સંયુકત તપાસણી ટીમનાં નિરિક્ષણ બાદ તકેદારીના ભાગરૂપે ભારે વાહનોની અવર-જવર માટે બંધ કરી સદરે વાહનોના ટ્રાફિકને અન્ય વૈકલ્પિક માર્ગ ઉપર ડાયવર્ટ કરવા અંગેનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓના તા.૧૯/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.સીબી/૧૯૩૩/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/૯૮૨/૨૦૨૫, તા.૨૩/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ- A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૫/૦૭/૨૦૨૫ થી તા.૨૫/૦૧/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) ભારે વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

(1) અંબાવ-રેલ્વે ફાટક થી અંબાવ ગામ, સરનાલ, ગળતેશ્વર મહિસાગર નદી લો-લેવલ બ્રિજ થઈ વરસડા, વાલાવાવ-ડેસર તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર. (બસ, ટ્રક, માલવાહક વાહનો, ક્રેન, મોટા તથા અન્ય ભારદારી વાહનો)

(2) ડેસર-વાલાવાવ, વરસડા, ગળતેશ્વર મહીસાગર નદી લો-લેવલ બ્રિજ થઈ ગળતેશ્વર, સરનાલ, અંબાવ રેલ્વે ફાટક તરફ આવતો તમામ ભારે વાહન વ્યવહાર. (બસ, ટ્રક, માલવાહક વાહનો, ક્રેન, મોટા તથા અન્ય ભારદારી વાહનો)

(B) ઉપરોકત ભારે વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) અંબાવ-રેલ્વે ફાટક થી અંબાવ ગામ, સરનાલ, ગળતેશ્વર મહિસાગર નદી લો-લેવલ બ્રિજ થઈ વરસડા, વાલાવાવ-ડેસર તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર. (બસ, ટ્રક, માલવાહક વાહનો, ક્રેન, મોટા તથા અન્ય ભારી વાહનો)

અંબાવ રેલવે ફાટક થી સેવાલીયા બજાર, સેવાલીયા ગામ, અમદાવાદ-ગોધરા નેશનલ હાઈવે રોડ, ઉદલપુર રેલ્વે ફાટક થઈ આગળ તરફ જઈ શકાશે.

2) ડેસર-વાલાવાવ, વરસડા, ગળતેશ્વર મહીસાગર નદી લો-લેવલ બ્રિજ થઈ ગળતેશ્વર, સરનાલ, અંબાવ રેલ્વે ફાટક તરફ આવતો તમામ ભારે વાહન વ્યવહાર, (બસ, ટ્રક, માલવાહક વાહનો, ક્રેન, મોટા તથા અન્ય ભારી વાહનો)

- ડેસર-વાલાવાવ, વરસડા થી ઉદલપુર રેલ્વે ફાટક, અમદાવાદ-ગોધરા નેશનલ હાઈવે રોડ, સેવાલીયા ગામ, સેવાલીયા બજાર, અંબાવ થઈ આગળ તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

આજ તારીખ ૨૫મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

File No: KHD/MAG/e-file/450/2025/2176/MAG BRANCH. હરીયાળા-ખેડા-રઢવાણજ સેડુ કિ.મી.૩૩/૪૩૦ થી ૪૨/૧૮૦ પુરુ ખેડા ખાતે વાત્રક નદી (કિ.મી. ૩૫/૨૩૦) પર મેજર બ્રીજની સંયુકત તપાસણી બાદ સદર બ્રીજ પર સલામતીના હેતુસર તકેદારીનાં ભાગરૂપે બ્રીજ ઉપરથી ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકી સદર ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા અંગેનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓના તા.૧૯/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.સીબી/૧૯૩૨/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/૯૮૧/૨૦૨૫, તા.૨૩/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૫/૦૭/૨૦૨૫ થી તા.૨૫/૦૧/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) ભારે વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) ખેડા શહેર થી ખેડા ચોકડી થઈ વાત્રક નદી જુના રોડ બ્રીજ થઈ હરીયાળા ગામ તરફ જતો વાહન વ્યવહાર.

2) હરીયાળા ગામ થી વાત્રક નદી ઉપરના જુના રોડ બ્રીજ થઈ ખેડા ચોકડી, ખેડા શહેર તરફ આવતો વાહન વ્યવહાર.

(B) ઉપરોકત ભારે વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) ખેડા શહેર થી ખેડા ચોકડી થઈ વાત્રક નદી જુના રોડ બ્રીજ થઈ હરીયાળા ગામ તરફ જતો ભારે વાહન વ્યવહાર.

- ખેડા શહેર થી ખેડા ચોકડી થઈ વાત્રક નદીના નવા રોડ બ્રીજ થઈ હરીયાળા ગામ તરફ જઈ શકાશે.

2) હરીયાળા ગામ થી વાત્રક નદી ઉપરના જુના રોડ બ્રીજ થઈ ખેડા ચોકડી, ખેડા શહેર તરફ આવતો ભારે વાહન વ્યવવહાર,

- હરિયાળા ગામ થી વાત્રક નદી ઉપરના નવા રોડ બ્રીજ ખેડા ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

આજ તારીખ ૨૫મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

નં.પીઓએલ(૧)/વશી/૪૪૭૨-૪૫૧૫/૨૦૨૫ હાલ ગુજરાતમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ ઉપવાસ પર બિનપરવાનગીથી બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામેલ છે. ખેડા જિલ્લામાં પણ નાગરીકો પોતાની માંગણી, રજૂઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોક્કસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા દાંડી યાત્રા સાથે સંકળાયેલ મુખ્ય માર્ગ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતુ અને મનસ્વી આયોજન કરી આ કચેરીમાં તેમજ જાહેરમાર્ગ પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. જેથી ખેડા જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ નીચે હુકમ કરવો આવશ્ય અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી ઉપલબ્ધ જોગવાઈઓ નીચે મને મળેલ સત્તાની રૂઈએ તા.૧૨/૦૭/૨૦૨૫ થી તા.૦૯/૦૯/૨૦૨૫ (બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, નડીઆદ તથા ખેડા જિલ્લા પંચાયત અને સરદાર ભવન ખાતે આવેલ સરકારશ્રીની વિવિધ વિભાગની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદની કચેરી તથા તાલુકા ખાતે તાલુકા મામલતદારશ્રીની કચેરીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરીઓ, પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ તથા અન્ય તમામ સરકારી કચેરીઓના કમ્પાઉન્ડ તેમજ કમ્પાઉન્ડની બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પરવાનગી વિના પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ ભૂખ હડતાલ ઉપર બેસવા કે સભા/ સરઘસ જેવા કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ:- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

શિક્ષા:- આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર ઈસમો સામે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૫મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

વંચાણે લીધુ:-

(૧) નામ. ૧૯૯૮/૭૨ સપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.તા.૧૮/૦૭/૨૦૦૫.

(૨) એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ મંત્રાલયના ધી નોઈઝ પોલ્યુશન રૂલ્સ, ૨૦૦૦.(રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ)

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩-મુજબ

ક્રમાંક :પી.ઓએલ(૧)/વશી/૪૭૮૬-૪૮૨૯/૨૦૨૫.- વંચાણ (૧)થી (૨) ની વિગતે ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લાવવા સારૂં અને જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તાની જાળવણી માટે નામદાર સુપ્રિમ કોર્ટે દ્વારા આ બાબતે અપાયેલ નિર્દેશો તેમજ એન્વાયરમેન્ટ પ્રોડકશન એક્ટ-૧૯૮૬ ના વિભિન્ન પ્રાવધાનોની જાળવણી અને અમલવારી જરૂરી જણાય છે. વિભિન્ન પાર્ટી પ્લોટ, જાહેર સંસ્થાઓ ખાનગી માલિકોના ફોર્મ તથા અન્ય જગ્યાઓએ મોટા અવાજ કરતા યંત્રો વગાડીને જાહેર જનતાને નુકશાન થાય તેવી રીતે વર્તતા હોય છે સરઘસો, રેલીઓ અને વરઘોડામાં માઈક, લાઉડ સ્પીકર તથા ડી. જે (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડનારાઓ લાંબા સમય સુધી જાહેર માર્ગો પર ઉભા રહી ટ્રાફિકને અડચણ કરી ટ્રાફિક જામ કરે છે અને વધુ ધ્વનિ તીવ્રતાથી મોટા કર્ણભેદી અવાજે ઘોંઘાટમય સંગીત ગીતો રેલાવી વિધાર્થીઓના અભ્યાસમાં, દર્દીઓના આરામમાં સિનિયર સીટીઝન અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન કરી/કરાવી તબીબોના કામમાં ખલેલ પહોંચાડે છે. તેમજ માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે (ડીસ્ક જોકી) સીસ્ટમના અનિયંત્રિત પ્રયોગથી કોમી દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં સાંપ્રદાયિક અથડામણોના બનાવો પણ બની શકે છે. તેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરિત અસર થવાની સંભાવનાઓ વધી જાય છે.

જિલ્લામાં કોઈ પણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી તથા કાયદા પ્રત્યે આદર જળવાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમ દ્વારા થતા અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦ની જોગવાઈઓ ધ્યાને લેતા માઈક, લાઉડ સ્પીકર તથા ડી. જે (ડીસ્ક જોકી) સીસ્ટમના ઉપયોગ પર નિયંત્રણ કરવું ઘણું જ જરૂરી છે.

અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમકોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/ તા. ૧૪-૫-૨૦૧૦થી ઘોઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો ૨૦૦૦ નું તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧-૧-૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ક. ૦૬:૦૦ થી રાત્રીના ક. ૧૦:૦૦	રાત્રીના ક. ૧૦:૦૦ થી સવારના ક. ૦૬:૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

(A) રાત્રીના સમયગાળામાં રાત્રિના ક.૧૦:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(B) ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનિટી હોલ, પાર્ટી પ્લોટ આગળ તમામ સહેલાઈથી જોઈ શકે તે રીતે સાઈન બોર્ડ લગાવવાની જવાબદારી ત્યાન તેના સંચાલકોની રહેશે તથા નોઈઝ સ્ટાન્ડર્ડમાં જણાવ્યા મુજબ અમલવારી કરાવવી.

(C) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(D) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૦૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

હુકમ

વાસ્તે હું જે. બી. દેસાઇ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ થી મળેલ સત્તાની રૂઇએ સમગ્ર ખેડા જીલ્લાના હદ વિસ્તારમાં તા.૧૬/૦૭/૨૦૨૫ના કલાક ૦૦/૦૦ થી તા.૦૯/૦૯/૨૦૨૫ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ

પ્રતિબંધિત કૃત્યો

માઇક સીસ્ટમ ભાડે આપનાર, માલિક, ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર ખેડા જિલ્લાના હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઇક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઇક સીસ્ટમનો ઉપયોગ થઇ શકે નહીં.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગીતોનો માઇક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઇને કરવા નહીં.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઇક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :

(૧) માઇક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે/અરજદારે પરવાનગી અરજી સબંધિત મામલતદાર અને એક્ઝી. મેજી.શ્રીને અરજી-૭ દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

(૨) વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

(૩) ખેડા જિલ્લાના સમગ્ર હદ વિસ્તારના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકશે નહી.

(૪) આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

(૫) પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહીં તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે. પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુદ્ધિ અનુસાર આપી શકશે.

(૬) અરજદારશ્રી અથવા તેના પ્રતિનિધિને મળેલ પરવાનગી સાથે માઇક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોક્ત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારીશ્રી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજૂ કરવાનો રહેશે.

(૭) માઇક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ને ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા શીડ્યુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક. ૨૨:૦૦ સુધી જ થશે.

(૮) અવાજ પ્રદુષણ (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઇક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રિના ક.૧૦:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ /

વાજંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૧૦:૦૦ ના જગ્યાએ ક.૧૨:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

(૯) કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ અવાજનું હવામાનમાં પ્રમાણ ઉપરોક્ત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ :-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેને અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

(૧૦) મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ વાજંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

(૧૧) ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ વાજંત્રનો ઉપયોગ અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહી.

(૧૨) માઈક સીસ્ટમ વાજંત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, ખેડા અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારીશ્રી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ વાજંત્ર વાપરવા માટે મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

(૧૩) ગુજરાત સરકારશ્રીના પરિપત્ર ક્રમાંક નં. HD/COU/e-file/8/2023/0331/M/P.F., તા.૨૧/૦૩/૨૦૨૪થી અપાયેલ સૂચનાઓ મુજબ કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/કોઈપણ એજન્સી કે વ્યક્તિ સાઉન્ડ લિમિટર વગરની પબ્લીક એડ્રેસ સીસ્ટમ/લાઉડ સ્પીકર/સાઉન્ડ સીસ્ટમ વેચી/ખરીદી/સપ્લાય કે ઈન્સ્ટોલ કરી શકશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર કસુરવાર ઈસમો સામે આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરાનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૬મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

:: ગુજરાતી પોલીસ આધનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબના ::

File No: KHD/MAG/e-file/450/2025/૨૦૪૫/MAG BRANCH.-ચોમાસાની ઋતુમાં થયેલ ભારે વરસાદને લઈ શેઢી નદીમાં થયેલ પાણીની આવકના કારણે પણસોરા અલીણા રોડ પર આવેલ શેઢી માઈનોર બ્રીજ સલામતીના કારણોસર તથા બ્રીજનાં ઈન્સ્પેકશન બાદની પરિસ્થિતિ ધ્યાને લઈ તા. ૧૨/૦૯/૨૦૨૪ થી તા.૧૦/૦૪/૨૦૨૫ દરમ્યાન ભારે વાહનોની અવર-જવર અર્થે બંધ કરવામાં આવેલ. પરંતુ બ્રીજની હાલની પરિસ્થિતિ તથા જાહેર સલામતીને ધ્યાને રાખીને બ્રીજ ઉપર ફકત દ્વીચકી/ત્રિ-ચકી તથા નાના ફોર વ્હીલ વાહનો (માલવહક સિવાય), મીની બસોની અવર-જવર માટે ખુલ્લો મુકવો હિતાવહ છે તથા અન્ય ભારે વાહનોના અવર-જવર પર ૦૬ (૭) માસ સુધી પ્રતિબંધ મૂકી સદર ભારે વાહનોને વૈકલ્પિક માર્ગે ડાયવર્ટ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ નાઓએ તા.૦૮/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં. સીબી/૧૮૩૨/૨૦૨૫ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિગતો રજૂ કરેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીયાદની પુનઃ દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે. 267

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૦૯/૦૭/૨૦૨૫ ક,૦૦-૦૦ થી તા.૦૯/૦૧/૨૦૨૬ ક,૨૪-૦૦ ના સમય દરમ્યાન નીચેના જાહેર માર્ગો ઉપર ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) લાડવેલ ચોકડી થી સીતાપુરા પાટીયા, મહીસા, અલીણા ચોકડી, ચુણેલ, હેરંજ શેઢી નદી બ્રીજ થઈ પણસોરા ચોકડી તરફ જતો ભારે વાહન વ્યવહાર.

2) લાડવેલ ચોકડી થી ડાકોર ત્રણ રસ્તા મહુધા-ટી પોઈન્ટ થી અલીણા ચોકડી થી ચુણેલ, હેરંજ શેઢી નદી બ્રીજ થઈ પણસોરા ચોકડી તરફ જતો ભારે વાહન વ્યવહાર.

3) મહુધા ટી-પોઈન્ટ થી અલીણા ચોકડી થી ચુણેલ, હેરંજ શેઢી નદી બ્રીજ થઈ પણસોરા ચોકડી તરફ જતો ભારે વાહન વ્યવહાર.

4) પણસોરા ચોકડી, જિ.આણંદ થી હેરંજ શેઢી નદી બ્રીજ, ચુણેલ થઈ અલીણા ચોકડી, મહીસા, સીતાપુરા પાટીયા થઈ લાડવેલ ચોકડી તરફ, ડાકોર ત્રણ રસ્તા, લાડવેલ ચોકડી તરફ અને મહુધા તરફ જતો ભારે વાહન વ્યવહાર.

(B) ઉકત માર્ગો પર ભારે વાહનોની અવર-જવર બંધ થતા વૈકલ્પિક માર્ગો:-

1) લાડવેલ ચોકડી થી સીતાપુરા પાટીયા, મહીસા, અલીણા ચોકડી, ચુણેલ, હેરંજ શેઢી નદી બ્રીજ થઈ પણસોરા ચોકડી તરફ જતો ભારે વાહન વ્યવહાર.

- લાડવેલ ચોકડી થી ડાકોર ઓવર બ્રીજ ઉમરેઠ થઈ આગળ તરફ, લાડવેલ ચોકડી થી કઠલાલ ત્રણ રસ્તા, મહુધા ટી-પોઈન્ટ, નડીયાદ બિલોદરા જેલ ચોકડી, કમળા ચોકડી, ડભાણ ચોકડી થઈ આગળ તરફ અને નડીયાદ બિલોદરા ચોકડી થી મરીડા બાયપાસ, હેલીપેડ ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

2) લાડવેલ ચોકડી થી ડાકોર ત્રણ રસ્તા મહુધા-ટી પોઈન્ટ થી અલીણા ચોકડી થી ચુણેલ, હેરંજ શેઢી નદી બ્રીજ થઈ પણસોરા

ચોકડી તરફ જતો ભારે વાહન વ્યવહાર.

- લાડવેલ ચોકડી થી ડાકોર ઓવર બ્રીજ ઉમરેઠ થઈ આગળ તરફ જઈ શકાશે.

3) મહુધા ટી-પોઈન્ટ થી અલીણા ચોકડી થી ચુણેલ, હેરંજ શેઢી નદી બ્રીજ થઈ પણસોરા ચોકડી તરફ જતો ભારે વાહન વ્યવહાર.

- મહુધા ટી-પોઈન્ટ થી નડીયાદ બિલોદરા જેલ ચોકડી, કમળા ચોકડી, ડભાણ ચોકડી થઈ આગળ તરફ તથા નડીયાદ બિલોદરા ચોકડી થી મરીડા બાયપાસ, હેલીપેડ ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

4) પણસોરા ચોકડી, જિ.આણંદ થી હેરંજ શેઢી નદી બ્રીજ, ચુણેલ થઈ અલીણા ચોકડી, મહીસા, સીતાપુરા પાટીયા થઈ લાડવેલ ચોકડી તરફ, ડાકોર ત્રણ રસ્તા, લાડવેલ ચોકડી તરફ અને મહુધા તરફ જતો ભારે વાહન વ્યવહાર..

- પણસોરા ચોકડી થી ઉમરેઠ, ડાકોર ઓવર બ્રીજ, લાડવેલ ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે તથા થી આડીનાર ચોકડી, સલુણ બ્રીજ, નડીયાદ હેલીપેડ ચોકડી, મરીડા બાયપાસ, નડીયાદ બિલોદરા જેલ ચોકડી થી આગળ તરફ અને કઠલાલ, લાડવેલ ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

શિક્ષા:-આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદ દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આજ તારીખ ૯મી જુલાઈ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

:: ગુજરાતી પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) ::

File No: KHD/MAG/e-file/450/2025/૨૧૦૬/MAG BRANCH.-નર્મદા મુખ્ય કાહેર જે કેવડીયાથી રાજસ્થાન સુધીકુક-૪ ૫૮.૦૦૦ કિ.મી સુધી વિસ્તરેલ છે, તે પૈકી સાંકળ ૧૪૪.૫૦૦ કિ.મી. થી ૨૯૩.૫૦૧ કિ.મી. ના નહેરના સંચાલન અને મરામતની કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર * વિભાગ નં.૨, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે તેઓની કચેરી હસ્તકની નર્મદા મુખ્ય નહેર પર મોજે. લસુન્દ્રા, તા.કઠલાલ, જિ.ખેડા ખાતે નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૧૬૯.૮૨૧ કિ.મી. (UVRB) પર બાંધવામાં આવેલ લક્ષ્મીપુરા-લસુન્દ્રાને જોડતા પુલ પરના બ્રીજના એબટમેંટ, પેરાપેટ વોલ, બોટમ સ્લેબ જર્જરીત થયેલ છે. સદર બ્રીજ પરથી વાહનોની અવર-જવર ચાલુ રાખવી જોખમકારક હોય જેથી બ્રીજ પરથી અવર-જવર કરતાં વાહનોની સલામતીને ધ્યાનમાં રાખી તથા ભવિષ્યમાં કોઈ જાનહાનિ ન થાય તે હેતુ થી સદર બ્રીજ પરથી વાહનોની અવર-જવર બંધ કરાવવુ અનિવાર્ય જણાતુ હોય સંદર્ભદર્શિત પત્રથી સદર બ્રીજ બંધ કરી ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ન.યો. મુખ્ય નહેર પે. વિ.નં.૨/૧, ઠાસરા દ્વારા અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક: એલઆઈબી /જાહેરનામું/૯૪૨/૨૦૨૫, તા.૧૭/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ન.યો. મુખ્ય નહેર પે.વિ.નં.૨/૧, ઠાસરાની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહારની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) લસુન્દ્રા થી લક્ષ્મીપુરા તરફ જતો વાહન વ્યવહાર,

2) લક્ષ્મીપુરા થી લસુન્દ્રા તરફ આવતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) લસુનદ્રા થી લક્ષ્મીપુરા તરફ જતો વાહન વ્યવહાર.

- લસુન્દ્રા થી ફાગવેલ રોડ, પોરડા ફાગવેલ થઈ નર્મદા કેનાલ રોડ બ્રિજ, સાઢેલી, ઓઝરાળા થઈ લક્ષ્મીપુરા તરફ જઈ શકાશે.

2) લક્ષ્મીપુરા થી લસુન્દ્રા તરફ આવતો તમામ વાહન વ્યવહાર.-લક્ષ્મીપુરા થી ઓઝરાળા, સાંઢેલી ગામ, નર્મદા કેનાલ રોડ બ્રીજ, પોરડા ફાગવેલ થઈ લસુન્દ્રા તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ન.યો. મુખ્ય નહેર પે.વિ.નં.૨/૧, ઠાસરા દ્વારા દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

આજ તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો ::

ખેડા-માતર-તારાપુર રોડ કિ.મી.૫૫/૨૦૦ થી ૮૪/૦૦ પર ખેડા ખાતે (કિ.મી.૫૫/૪૦૦) શેઢી નદી પર આવેલ મેજર બ્રીજ વર્ષો જુનો હોય, જેથી જાહેર જનતાની સલામતીના ભાગરૂપે સદર બ્રીજ પર ભારે વાહનોની અવર-જવર બંધ કરી સદર ટ્રાફિકને અન્ય માર્ગો પર ડાઈવર્ઝન આપવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદનાઓએ તા.૧૫/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં. સીબી/૧૮૯૩/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/૯૪૦/૨૦૨૫, તા.૧૭/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર ભારે વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા મા. અને મ. વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૮/૦૭/૨૦૨૫ થી તા.૧૮/૦૧/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) ખેડા શહેર થી ખેડા ચોકડી થી સોખડા. ખોડીયાર ચોકડી, માતર તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર.

2) માતર, ખોડીયાર ચોકડી થઈ સોખડા, ખેડા ચોકડી થઈ ખેડા શહેર તરફ આવતો તમામ ભારે વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) ખેડા શહેર થી ખેડા ચોકડી થી સોખડા, ખોડીયાર ચોકડી, માતર તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર,

- ખેડા શહેર થી ખેડા ચોકડી થઈ વાત્રક નદી બ્રિજ, હરીયાળા ગામ, ધોળકા ચોકડી બ્રિજના સર્વિસ રોડથી ડાબી બાજુ વળી ને.હા.નં.૪૮ ઉપર ખોડીયાર ચોકડી સર્વિસ રોડ બ્રિજ નીચે થી જમણી બાજુ વળી માતર, તારાપુર તરફ જઈ શકાશે.

2) માતર, ખોડીયાર ચોકડી થઈ સોખડા, ખેડા ચોકડી થઈ ખેડા શહેર તરફ આવતો તમામ ભારે વાહન વ્યવહાર,

- માતર ખોડીયાર ચોકડી ને.હા.નં.૪૮ ઉપર રોડ બ્રિજ સર્વિસ રોડ થી ડાબી બાજુ વળી, ધોળકા ચોકડી સર્વિસ રોડ બ્રિજ નીચે થી જમણી બાજુ વળી હરીયાળા ગામ, વાત્રક બ્રિજ, ખેડા ચોકડી થઈ આગળ તરફ જઈ શકારો.
- માતર ખોડીયાર ચોકડી ને.હા.નં.૪૮ ઉપર બ્રિજ નીચે થી જમણી બાજુ વળી સર્વિસ રોડ થઈ રઢવાણજ ટોલ રોડ, રઢવાણજ ચોકડી રોડ બ્રિજ સર્વિસ રોડ થી ડાબી બાજુ વળી, રતનપુર ગામ, શેઢી નદી, ખેડા શહેર તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા મા. અને મ. વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

આજ તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) ::

File No: KHD/MAG/e-file/450/2025/2113/MAG BRANCH.-કપડવંજ-આંતરસુબા-ઉ.મહાદેવ રોડ કી.મી.૦/૦૦ થી ૧/૦૦ ખાતે (ત્રિવેણી પાર્ક ચોકડી થી નદી દરવાજા સુધી) હાલમાં આર.સી.સી. રોડ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. સદર રસ્તા પર અડધા રસ્તામાં કામગીરી ચાલુ છે તેમજ બાકીની અડધા રસ્તા (૭ મીટર પહોળાઈમાં) પર ટ્રાફિક ચાલુ રાખવામાં આવેલ છે. સદર કામગીરી દરમ્યાન ટ્રાફિક નિયમન જડવાઈ રહે અને વાહન વ્યવહાર રાબળતાથી પસાર થઈ શકે તે માટે સદર રોડ ઉપર ભારે વાહન વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને સદર ટ્રાફિકને અન્ય વૈકલ્પિ માર્ગ ખાતે ડાઈવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીઆદના ઓએ તા.૧૫/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.સીબી/૧૮૯૨/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડ: -નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપારા કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી

ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી / જાહેરનામું/૯૪૧/૨૦૨૫, તા.૧૭/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે. સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલપોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર ભારે વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા મા. અને મ. વિભાગ, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીરા અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૮/૦૭/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) નીચે મુજબના માર્ગો ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) કઠલાલ તરફ થી અથવા કપડવંજ શહેર થી ત્રિવેણી ચોકડી થઈ નદી દરવાજા (મહોર બ્રિજ) કપડવંજ થઈ આંતરસુબા, ગાંધીનગર રોડ તરફ જતા તમામ ભારે વાહન વ્યવહાર.

2) ગાંધીનગર-આંતરસુબા રોડ થી નદી દરવાજા (મહોર બ્રિજ) કપડવંજ થઈ કપડવંજ ત્રિવેણી ચોકડી તરફ આવતોતમામ ભારે વાહન વ્યવહાર.

(B) ઉપરોક્ત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) કઠલાલ તરફ થી અથવા કપડવંજ શહેર થી ત્રિવેણી ચોકડી થઈ નદી દરવાજા (મહોર બ્રિજ) કપડવંજ થઈ આંતરસુબા, ગાંધીનગર રોડ તરફ જતો તમામ ભારે વાહન વ્યવહાર.

- કઠલાલ થી કપડવંજ રોડ તરફ મહંમદપુરા થી નવાગામ થઈ આંતરસુબા, ગાંધીનગર તરફ જઈ શકાશે.
- કપડવંજ ત્રિવેદી ચોકડી થી ડાબી બાજુ વળી કઠલાલ રોડ, મહોર નદી બ્રિજ થી આગળ મહંમદપુરા થી નવાગામ થઈ આંતરસુબા, ગાંધીનગર તરફ જઈ શકાશે.

2) ગાંધીનગર-આંતરસુબા રોડ થી નદી દરવાજા (મહોર બ્રિજ) કપડવંજ થઈ કપડવંજ ત્રિવેણી ચોકડી તરફ આવતોતમામ ભારે વાહન વ્યવહાર. ગાંધીનગર તરફથી આંતરસુબા થઈ કપડવંજ રોડ તરફ નવાગામ થી મહંમદપુરા થઈ કપડવંજ- કઠલાલ રોડ થઈ આગળ તરફ જઈ શકાશે.

શિક્ષા:-આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીરા અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા મા. અને મ. વિભાગ, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

આજ તારીખ ૧૮મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) ::

File No: KHD/MAG/e-file/450/2025/2107/MAG BRANCH.-ખેડા જિલ્લાનાં સાંખેજન મલાતજ રોડ (૧,૧૦૦ કિ.મી.) તા.જિ.ખેડા ઉપર મેશ્વો નદી ઉપર આવેલ મેજર બ્રીજની તપાસ બાદ સદર બ્રીજ સલામતીના હેતુ સર ભારે વાહનો માટે બંધ કરી ભારે વાહનોના ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદનાઓએ તા.૧૫/૦૭/૨૦૨૫ ના પત્ર જા.નં.પીબી/ વશી/૧૦૭૭/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/૯૪૩/૨૦૨૫, તા.૧૭/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ- A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા. ૧૭/૧૦/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) સાંખેજ તા.ખેડા થી મેશ્વો નદી મેજર રોડ બ્રિજ થઈ મલાતજ ગામ તરફ જતોભારે વાહન વ્યવહાર.

2) મલાતજ ગામ થી મેશ્વો નદી મેજર રોડ બ્રિજ થઈ સાંખેજ તા.ખેડા તરફ આવતો ભારે વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) સાંખેજ તા.ખેડા થી મેશ્વો નદી મેજર રોડ બ્રિજ થઈ મલાતજ ગામ તરફ આવતોતમામ ભારે વાહન વ્યવહાર. સાંખેજ થી કનીજ ગામ, સોમેશ્વર લાટ, કનીજ બસ સ્ટેન્ડ, નેનપુર ચોકડી, નેનપુર ગામ થઈ મલાતજ તરફ જઈ શકાશે.

2) મલાતજ ગામ થી મેશ્વો નદી મેજર રોડ બ્રિજ થઈ સાંખેજ તા.ખેડા તરફ આવતોતમામ ભારે વાહન વ્યવહાર.

- મલાતજ, નેનપુર ગામ, નેનપુર ચોકડી, કનીજ બસ સ્ટેન્ડ, સોમેશ્વર લાટ, કનીજ ગામ થઈ સાંખેજ ગામ તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉકત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

આજ તારીખ ૧૭મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

હુકમ

::ગુજરાત પોલીસ અધિનિયમ,, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) ::

File No: KHD/MAG/e-file/450/2025/2109/MAG BRANCH.-ઝંડા-ઝાંઝરી રોડ જંકશન પર જૂના જર્જરિત ચણતરવાળા સ્લેબ ડ્રેઈનની જગ્યાએ નવીન સ્લેબ ડ્રેઈનની કામગીરી કરવાની થતી હોય નિરમાલી-મોટીઝેર-નરસિંહપુર-ચોઈલા જિલ્લા હદ સુધીનો રસ્તો ૩ માસ માટે બંધ

કરી સદર રસ્તા પરના ટ્રાફિકને વૈકલ્પિક રસ્તા ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદનાઓએ તા. ૧૪/૦૭/૨૦૨૫ ના જા.નં.પીબી/વશી/૧૦૭૫/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/જાહેરનામું/ ૯૪૪/૨૦૨૫, તા. ૧૭/૦૭/૨૦૨૫ થી અભિપ્રાય પત્ર અત્રે રજૂ કરેલ છે.

*સદર બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ મારફતે કરાવેલ તપાસ મુજબ નીચે દર્શાવેલપોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ ની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૭/૦૭/૨૦૨૫ થી તા. ૧૭/૧૦/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન સદરહું માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1) ઝંડા થી ઝાંઝરી રોડ જંકશન થઈ આંબવેલ તરફ જતો વાહન વ્યવહાર.

2) આંબવેલ થી ઝાંઝરી રોડ જંકશન થઈ ઝંડા તરફ આવતો વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1) ઝંડા થી ઝાંઝરી રોડ જંકશન થઈ આંબવેલ તરફ જતો વાહન વ્યવહાર.

- ઝંડા થી મોટીઝેર, ધુળીયા વાસણા થઈ આંબવેલ તરફ જઈ શકાશે.

2) આંબવેલ થી ઝાંઝરી રોડ જંકશન થઈ ઝંડા તરફ આવતો વાહન વ્યવહાર.

- આંબવેલ થી ધુળીયા વાસણા, મોટીઝેર થઈ ઝંડા તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થાકાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. (પં) વિભાગ, ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાની રહેશે તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે-તે સ્થળોએ મુકવાના રહેશે.

આજ તારીખ ૧૭મી જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.29 18:42:22 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara